ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૨-૨૦૧૨, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### મળી માતૃભાષા મને ગુજરાતી

વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીનો મૂળ વિચાર બંગાળી ભાષી પ્રજાએ એની અસ્મિતા માટે સત્તાધીશો પાકિસ્તાન સામે જીવસટોસટ લડાઇ લડીને ભાષા નિમિત્તે અલગ રાષ્ટ્ર મેળવ્યું તે ઘટના પર આધારિત છે. પોતાની માતૃભાષા બાંગ્લાનું અપમાન કે અવગણના સૉંખવાની પૂર્વ પાકિસ્તાનની પ્રજાની તૈયારી નહોતી. વિશ્વના પાટલે આ પહેલી ઐતિહાસિક ઘઠના હતી જયાં માતૃભાષાના નામે આવડું મોટું સ્વાતંત્ર્ય યુધ્ધ લડાયું હોય. 'આમાર સોનાર બાંગ્લા' એ બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત બની ગયું. સુયોગ પણ કેવો! ભારત અને બાંગ્લાદેશ બેઉનાં રાષ્ટ્રગીત એક જ કવિની કલમે રચાયેલાં છે. કવિકુલગુરૂ રવીન્દ્રનાથ ટાગોર સાથે ગુજરાતનો પણ એટલો જ ઘનિષ્ઠ નાતો રહ્યો છે.

ગુજરાતી ભાષામાં શું નથી? માતૃભાષાનું સન્માન કરવાનો નેત્રદીપક ઐતિહાસિક પ્રસંગ ગુજરાત અને ગુજરાતી સાથે સંકળાયેલો છે. જૈન મુનિ હેમચંદ્રાચાર્ય રચિત વ્યાકરણ ગ્રંથ 'સિધ્ધહેમ શબ્દાનુશાસન'ની હાથીની અંબાડી પર શોભાયાત્રા કાઢવામાં આવતી હતી. મહારાજાધિરાજ સિધ્ધરાજ જયસિંહ પાટણનાં રાજમાર્ગો પર પગપાળા ફર્યા હતા.

એક હજાર વર્ષ પૂર્વે ગુજરાતીનાં 'આદિ પુરૂષ' અને 'ગુજરાતના નાથ' દ્વારા અપાયેલો માતૃભાષાના મહિમાનો સંદેશ કાળક્રમે વીસરાતો ચાલ્યો. નરસૈંયાની ગુજરાતીને 'શું-શાં પૈસા ચાર' જેવી દયાજનક પરિસ્થિતિમાં મુકાયેલી જોઇ માણભટ્ટ પ્રેમાનંદે એ સ્થિતિમાં સુધારો ન થાય ત્યાં સુધી પાઘડી નહીં પહેરવાની પ્રતિજ્ઞા કરી હતી. ગુજરાતીઓ દુનિયાભરમાં પથરાયાં છે, એમણે જયાં જયાં ગયા ત્યાં આટલી જ કે આપણું સર્વાશ્લેષી માનસ દૂધમાં સાકરની જેમ ભળી જવા ટેવાયેલું હોઇ, કરવું જોઇએ એવું માતૃભાષાનું જતન કરવામાં આપણે ઊણા ઉતરતાં રહ્યાં છીએ.

આપણે દુનિયાભરની ઉત્તમ કૃતિઓ ગુજરાતીમાં ઉતારી ચૂક્યા છીએ પરંતુ આપણું ઉત્તમ સાહિત્ય અંગ્રેજી સહિત અન્ય ભાષાઓમાં અનુવાદિત થાય, એની ખેવના ક્યારેય કરી નથી. વિશ્વ ગ્લોબલ ગામડું બની રહ્યું છે ત્યારે સેતુભાષા તરીકે અંગ્રેજીનો પ્રભાવ વકરે તે સમજી શકાય એમ છે, પરંતુ ગુજરાતીઓની નવી પેઢી ગુજરાતી વાંચી જ ન શકે, એથી વધારે કમનસીબી બીજી કઇ હોઇ શકે? જો વેળાસર નહીં ચેતીએ તો આપણી ભવ્ય ભાષા-સંસ્કૃતિ અને વિશ્વની કોઇ પણ સમૃધ્ધ ભાષાની પંગતમાં પાટલો માંડી શકે એવું સાહિત્ય આપણી આવનારી પેઢીઓ માટે હડપ્પા એ મોહેન્જો ડેરો જેવો ભૂતકાળ બની જશે. હજી પરિસ્થિતિ એટલી હદે નથી વણસી ગઇ કે એને સુધારી જ ન શકાય. પરંતુ ખતરાની ઘંટડી વાગી ચૂકી છે.

ગુણવંતી ગુજરાતની પ્રજાએ આ વાત વેળાસર સમજી લેવાની જરૂર છે. બંગાળી, તમિલ, મલયાલમ કે મરાઠી ભાષીઓ જેવું ભાષા ગૌરવ આપણે પણ કેળવવું જ રહ્યું. આખરે ભાષા આપણો 'ડીએનએ' છે, એ આપણી અસ્સલ 'આઇડેન્ટીટી' છે. એના પ્રત્યે બેદરકારી રાખીશું તો આપણને ઇતિહાસ માફ નહીં કરે. ગિરા ગૂર્જરીને વિશ્વ ગૂર્જરી બનાવવાનો શુભ સંકલ્પ કરીએ. ઘણું જીવો ગુજરાતી...

## સાચી જોડણીના ઉપયોગ માટે શંભુજી ઠાકોરે ખાનગી વિધેયક રજુ કર્યું

ગાંધીનગર, તા. ૨૧

જાહેર સંસ્થાઓ દ્વારા ગુજરાતી ભાષાની જોડણીનો સાચો ઉપયોગ કરે તે માટે એક ખાનગી વિધેયક ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં દાખલ કર્યું છે.

શ્રી શંભુજી ઠાકોરે રજૂ કરેલા આ ખાનગી વિધેયક પર હવે પછી ગૃહમાં ચર્ચા થશે. તેમણે રજુ કરેલા આ વિધેયકમાં રાજ્ય સરકારની કચેરીઓ, સ્થાનિક સત્તામંડળો, બોર્ડ, કોર્પોરેશન અને કંપનીઓ અને રાજ્ય સરકાર તરફથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ અથવા નાણાંકીય સહાય મેળવતી સંસ્થાઓને આવરી લેવા સૂચવ્યું છે.

આ સંસ્થાઓ તેના સાઈન બોર્ડ, પ્રકાશનો, સૂચનાઓ અને જાહેરખબરોમાં ગુજરાતી ભાષાની સાચી જોડણીનો ઉપયોગ કરવાની ફરજ રહેશે.

તેમણે તેમના આ વિધેયકમાં ખોટી જોડણીનો ઉપયોગ કરનાર અધિકારીને કારણદર્શક નોટીસ આપી ખુલાસો માંગવાની તથા એક મહિનાની મુદતમાં ખોટી જોડણી સુધારવા માટે આદેશ કરવાની સત્તા માટે એક સત્તાધિકારીની નિમણૂક કરવા પણ સૂચવ્યું છે.

શ્રી ઠાકોરે આ સત્તાધિકારી તરીકે ગુજરાતી સાહિત્ય પરિષદના અધિકારીની નિમણૂક કરવા પણ સૂચવ્યું છે તેમજ ગુજરાત વિદ્યાપીઠ સાથે સતત પરામર્શમાં રહી તેના દ્વારા પ્રકાશિત થતાં વખોતવખતના જોડણીકોશને ઉપયોગમાં લેવા સૂચવ્યું છે.

આજે વિશ્વ માતૃાષા દિનની ઉજવણી નિમિત્તે જ વિધાનસભા ગૃહમાં ખાનગી વિધેયક સાચી જોડણીના ઉપયોગ અંગે રજૂ થયું છે જે એક યોગાનુયોગ છે.

## સોજા હાઈસ્કૂલના ઉપક્રમે માતૃભાષા ગૌરવ દિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૧

કલોલ તાલુકાના સોજા ગામની એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલના પટાંગણમાં ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

માતૃભાષાનું મહત્ત્વ - ગર્વ, ગૌરવ, સન્માન સંવર્ધિત થાય તેવા શુભાશયથી સદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના બાળકો દ્વારા વિવિધ સાહિત્યિક કૃતિઓનું કાવ્યપઠન કરવામાં આવ્યું હતું. માતૃવંદના અને પ્રશ્નોત્તરી સ્પર્ધા પણ આ પ્રસંગે યોજાઈ હતી. શાળાના અધ્યેતા ભાઈ-બહેનો અને સારસ્વત મિત્રોએ માતૃભાષાના ગૌરવ અને તેની જાળવણી - જતન - સંવર્ધન વિકાસ અને વિસ્તાર માટેના વિવિધ ઉપાયો અંગેની માહિતી પૂરી પાડી હતી અનેકવિધ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ, પુરસ્કારથી સન્માનિત, અભિવાદિત કરવામાં આવ્યા હતા. એકંદરે સમગ્ર કાર્યક્રમ ખૂબ જ પ્રભાવી અસરકારક, સુંદર સુવ્યવસ્થિત અને પ્રશંસનીય રહ્યો હતો એમ શાળાના આચાર્ય ભાવેશભાઈ જોષીએ જણાવ્યું છે.

### ધણપના દશરથ ઠાકોરે દોડમાં ગોલ્ડ મેડલ મેળવ્યો



ગાંધીનગર જિલ્લાના ધણપ ગામે આવેલી આદર્શ સંસ્કાર તીર્થ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી દશરથભાઈ ભૂપતજી ઠાકોરે ખેલ મહાકુંભની ૫૦ મીટર દોડની સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડમેડલ મેળવ્યો છે. સમગ્ર રાજ્યમાં પ્રથમ આવનાર દશરથ ઠાકોરે શાળા અને ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. જે બદલ સંસ્થાના પ્રમુખ સુરેન્દ્રસિંહ રાણા, આચાર્ય હિતેન્દ્રસિંહ રાઠોડ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવી શુભેચ્છા વ્યક્ત કરી છે.

## ગેરરીતિમાં ઝડપાયેલા ૨૫૦ વિદ્યાર્થીઓને સજા ફટકારાઈ

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન એન્જિનીયરિંગ, ફાર્મસી, એમબીએ, એમસીએ સહીતની વિદ્યાશાખાઓની પરિક્ષામાં ડિસેમ્બર અને જાન્યુઆરીમાં યોજાઈ હતી. આ પરિક્ષામાં ગેરરીતી કરતા પકડાયેલા ૨૫૦ વિદ્યાર્થીઓની સજા જીટીયુ દ્વારા નક્કી કરી લેવામાં આવી છે. જેની સત્તાવાર જાહેરાત પાંચ માર્ચના રોજ કરવામાં આવશે.

તા. ૧૯ અને ૨૦ ફેબ્રુઆરી દરમિયાન ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની પરિક્ષા શુદ્ધિની બેઠક મળી હતી. જેમાં જીટીયુ સંલગ્ન એન્જિયનિરીંગ, ફાર્મસી, એમબીએ, એમસીએ અને એમફાર્મ સહિતની વિદ્યાશાખાઓની પરિક્ષામાં ગેરરીતી કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓની સજા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં તમામ વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવીને તેમનો બચાવ સાંભળવામાં આવ્યો હતો અને ત્યાર બાદ તેમના ઉપર લાગેલ આરોપોના આધારે તેમની સજા નક્કી કરવામાં આવી હતી. આ સજાઓની સત્તાવાર જાહેરાત આગામી પાંચ માર્ચના રોજ કરવામાં આવશે. જો કે જીટીયુના અંગત સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહીતી મુજબ યુનિવર્સિટી વિદ્યાર્થીઓને તેમના ગેરરિતીને ગંભીરતાને ધ્યાનમાં લઈ એક થી ત્રણ વર્ષ સુધી જીટીયુની પરિક્ષા આપવા ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. જેથી આ વિદ્યાર્થીઓ આગામી સમયમાં જીટીયુની પરિક્ષાઓથી દુર રહેવું પડશે. સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, જીટીયુ પરિક્ષામાં ગેરરીતીના દુષણને ડામવા માટે કટિબદ્ધ છે અને તેના માટે કોઈ વિદ્યાર્થી પરિક્ષામાં ગેરરીતી ન આચરે તે માટે ગેરરીતી કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓને કડક સજા કરવામાં આવી છે.

જીટીયુ સંલગ્ન કોલેજોની તમામ વિદ્યાશાખાઓમાં ડીસેમ્બર-જાન્યુઆરી દરમિયાન પરિક્ષાઓ યોજાઈ હતી. જેમાથી રાજ્યભરમાંથી ૨૫૦ વિદ્યાર્થીઓ ઉપર કોપી કેસ થયા હતા.

## પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં વિશ્વ માતૃભાષા દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૧

અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ સાહિત્ય પર્વ અંતર્ગત વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી રૂપે એક સાથે ૨૧ સાથે કૉલેજમાં ગુજરાતી ભાષાનું ગૌરવ વધારવા માટે સર્જકો સાથે સંવાદ યોજીને ઐતિહાસિક કાર્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા કવિ માધવ રામાનુજનું વક્તવ્ય કૉલેજમાં યોજાયું હતું. માધવ રામાનુજે માતૃભાષા વિશે વાત કરતા કહ્યું હતું કે, 'માતૃભાષાના સંયોગ વિના માણસ પાગલ બની જાય છે.' ૩૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ આ વક્તવ્યનો લાભ લીધો હતો. માધવ રામાનુજનું સ્વગત પ્રિ. ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ કર્યું હતું. કાર્યક્રમની ભૂમિકા ડૉ. રાજેશભાઈ શાહે આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. લીના સ્વાદિયાએ કરી હતી. અંતમાં માધવ રામાનુજે કાવ્ય પઠન કરી વિદ્યાર્થીઓને ઉપકૃત કર્યા હતા.

## કડી યુનિવર્સિટીના પીએચ.ડી. સ્કોલર મહેશ ભટ્ટે યુ.જી.સી. ટીચર ફેલોશીપ એવોર્ડ પ્રાપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિશ્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. બાલમંદિરથી માંડીને પીએચ.ડી. સુધીની પદવી માટેના અભ્યાસક્રમો તેના નેજા હેઠળ ચાલે છે. અંગ્રેજી વિભાગના એમ.ફીલ અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના ગુણવત્તાસભર સંશોધનોને યુજીસી તરફથી હંમેશા માન્યતા અને નાણાકીય એવોર્ડ્સ રૂપે પ્રોત્સાહન મળતું રહે છે. જે અંતર્ગત પીએચ.ડી. સ્કોલર મહેશ ભટ્ટને યુજીસી ટીચર ફેલોશીપ એવોર્ડ એનાયત થયો હતો.

યુજીસી દ્વારા વર્ષ ૨૦૧૦માં એમ.ફીલ. અંગ્રેજીના વિદ્યાર્થી મયુર વઢવાણિયાને મૌલાના આઝાદ એમ.ફીલ સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. યુજીસી દ્વારા વર્ષ ૨૦૧૧માં પીએચ.ડી. અંગ્રેજીના વિદ્યાર્થી નરેન્દ્ર પટેલને તેમના પીએચ.ડી. સંશોધન માટે યુજીસી માઈનોર ટીચર્સ પ્રોજેક્ટ એનાયત થયો છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાંથી જ અંગ્રેજીમાં એમ.ફીલ. પૂર્ણ કરેલ અને અત્યારે ત્યાં જ અંગ્રેજી વિષયમાં પીએચ.ડી. કરતા મહેશ ભટ્ટના પીએચ.ડી. સંશોધન માટે તેઓને વર્ષ ૨૦૧૨માં યુજીસી ટીચર ફેલોશીપ એનાયત કરવામાં આવી છે.

તેઓ આ ફેલોશીપ અંતર્ગત બે વર્ષના સમયગાળા માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે સંશોધન કરશે. યુજીસીએ ભારતમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સર્વોચ્ચ સંસ્થા છે, તેના દ્વારા યુનિવર્સિટીઓને ગ્રાન્ટ આપવાનું અને નિયમનનું કાર્ય કરવામાં આવે છે. આવી સર્વોચ્ચ સંસ્થા દ્વારા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના અંગ્રેજીના એમ.ફીલ. અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને સળંગ ત્રણ વર્ષથી પ્રોત્સાહિત કરાઈ રહ્યા છે જે ખૂબ જ સરાહનીય બાબત છે. ખૂબ જ ટૂંકાગાળામાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયને આવી સુંદર સફળતા અપાવવા અને તેને ગુજરાત જ નહિ પરંતુ સમગ્ર ભારતમાં એક પ્રતિષ્ઠિત યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત કરવા બદલ આ યુનિવર્સિટીના પ્રેસીડેન્ટ વલ્લભભાઈ પટેલ, નિયામક ડી. ટી. કાપડીયા અને રજીસ્ટ્રાર એસ. કે. મંત્રાલા અભિનંદનને પાત્ર છે.

## એમ.બી. પટેલ સ્કૂલમાં વિદ્યાર્થી શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં તાજેતરમાં ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિના ઉપક્રમે વિદ્યાર્થી શિબિર યોજાઈ હતી. જેમાં જાગૃત નાગરિક અને વ્યક્તિત્વ વિકાસ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. જયાબેન લાડે ગ્રાહક સુરક્ષામાં ગ્રાહકના અધિકારો અને ખરીદીની તકેદારી વિશે માહિતી આપી હતી.

ગ્રાહક હિત સુરક્ષા સમિતિ, ગાંધીનગરના ઉપક્રમે યોજાયેલ વિદ્યાર્થી શિબિરમાં મુખ્ય મહેમાન તરીકે નાયબ કલેકટર અને સંજયભાઈ જોષી, જિલ્લા પુરવઠા અધિકારી જયાબેન લાડ, મહિલા કન્ઝ્યુમર ક્લબના પ્રમુખ અને પૂર્વાચાર્યા મણીબેન ચૌધરી, મહામંત્રી, મહિલા કન્ઝ્યુમર્સ ક્લબ અને ચૌધરી હાઈસ્કૂલ તેમજ આઝાદભાઈ મન્સૂરી પૂર્વ સેકશન અધિકારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## આપણા તમામ શાસ્ત્રોમાં કર્મરત રહેવાની, પ્રમાદ ન કરવાની સલાહ આપવામાં આવી છે

### સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

કૈલબ્યં મા સમ ગમઃ પાર્થ નૈત્તત્ત્વપ્યુપ યદ્યતે ।
ક્ષુદ્રં હૃદય-દ્રૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તય ॥

હે પાર્થ, નપુંસકતાને વશ ન થા, તને આ શોભતું નથી, હૃદયની આ તુચ્છ દુર્બળતાને ત્યજીને યુધ્ધ માટે તૈયાર થઇ જા.'

ગીતા. અ.૨.૨

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનની મુર્છિત ચેતનાને જાગૃત કરવા અને તેને કર્મ પ્રતિ પ્રેરવા સખત ટોણો માર્યો છે. અને આ પછી તેને યુધ્ધ માટે સજ્જ થવાનું કહ્યું છે. આ ઠપકો માત્ર અર્જુન પુરતો સિમિત નથી. પણ છેલ્લા ઘણા સમયમથી ચેતના ગુમાવી બેઠેલી આપણી મુર્છિત નેતાગીરી માટે પણ તેટલો જ સાચો છે. હાલના સમયમાં સમાજનાં વિવિધ ક્ષેત્રો પર સતત સંઘર્ષ ચાલતો જ હોય છે. તેવા સમયે ચેતના ગુમાવી નિર્માલ્યતાથી હાથ જોડી બેસી રહેવાથી કોઇ કાર્ય સિધ્ધ ન થાય. નિર્માલ્યતા કાયમ અધઃપતન જ નોતરે. ભર્તૃહરિ તો સ્પષ્ટ કહે છે. 'વિવેક-ભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુચા' વ્યવહારિક જીવનનો જગતમાં વ્યવહાર ભલે ગમે તેમ ચાલતો હોય પણ વાસ્તવિકતા સાથેનો સંબંધ તો નજ ભુલવો જોઇએ. વાસ્તવિકતા સામે આંખો મિંચી માત્ર વાતો કરવામાં, ટીકાઓ કરવામાં કે પછી નવા નવા નિવેદનો કરવામાં જ, તમામ ઉર્જા જાણએ, ખર્ચાઇ ગઇ હોય તેવું જ લાગે છે. પ્રતિકાર માટેની ઊર્જા જાણે બચી જ નથી. આ વાત જયારે સમજાય છે ત્યારે ઘા મારવાનો સમય વીતી ગયા હોય છે. આપણે ઊંઘતા જ ઝડપાયા તેવું લાગે. પછી ગમે તેવી આકરી વાતો કરીએ પણ 'બુંદ સે ગઇ હોજ સે નહિ આતી.'

સૌ પ્રથમ તાજેતરની રાજકીય પરિસ્થિતિ પર નજર નાખીએ તો, આપણી નિષ્ક્રિયતાના કારણે જે સ્થિતિનું નિર્માણ થયું છે તેમાં હવે આપણે જ ફસાયા છીએ. જે બનાવો બનતા જાય છે. તેમાં જાણ્યે-અજાણ્યે આપણે જ જવાબદાર છીએ. ભૂતકાળમાં સેવેલી નબળાઇ તથા શાંત - રાષ્ટ્ર તરીકે પ્રતિષ્ઠા કમાવાની ઘેલછાં જ જવાબદાર છે. આપણી અતિ ઉદારતા તથા અપાર સહિષ્ણુતાનો ગેરલાભ કાયમ પાડોશી રાષ્ટ્રો ઉઠાવે છે. 'ભાઇશ્રી રમેશભાઇ (ભાગવતકાર) એ એક વખત કથામાં કહેલું છે, ભગવાન આ રાષ્ટ્રને થોડું નક્કર અસહિષ્ણુ બનાવે. પણ આપણા શાસકોને આભાસી શાંતિ તથા સ્થિરતાનો ભારે મોહ છે. જીતવું છે તેનાં કરતાં જીવતા રહેવું છે. તેવી મનોદશા વ્યાપક પ્રમાણમાં ફેલાઇ છે. આવી મનોદશાનું કારણ તો દરેક પ્રશ્ન પર દીર્ઘસૂત્રતાનો લેવાતો આશ્રય છે. ગીતાજીમાં દીર્ઘસૂત્રી કર્તાને તામસ કહ્યો છે. કૌટીલ્ય પણ પ્રશ્ન અધૂરો ન છોડવાની કે મુલત્વી ન રાખવાની સલાહ આપી છે.

ત્વરિત નિર્ણય ન લેવાની સંભાવના લોકશાહીનું એક પાસું અવશ્ય છે. પરંતુ તેના ઇલાજો પણ હોય જ. રાષ્ટ્રના સરહદનો ભંગ, નાગરિકોના અપહરણો, પાડોશી રાષ્ટ્રો દ્વારા થતાં ઉશ્કેરણીજનક અડપલાં, આવા તમામ બનાવો માટે રાષ્ટ્રપતિ પાસે પુરતી સત્તા હોય છે. જેની પાસે પગલાં લેવાની સ્પષ્ટ સત્તા છે. તેઓ પ્રજાને 'હાકલ કરે અને પોતે શાંત રહે તો શું કહેવું સ્વ મેઘાણીએ તો સ્પષ્ટ કહ્યું છે.'

"વીર, તું ધીર તું, શાંત તુ, ભાઇ છે આ તારી ભ્રમણા
હિન તુ, દિન તું ભાસ કંગાલ તું"

આ શ્લોકના ચારેય ચરણોમાં વિશેષ સંદેશો છે. બીજું ચરણ છે. 'નૈત્તત્વપ્યયપધતે' આ આપને શોભતું નથી. ભગવાને અર્જુનને કહ્યું, 'આવી વાત તને ન શોભે' આજે આપણાં સમાજમાં પોતાની જાતને મહાનુભાવ - માનતા અનેક છે. જેને કહેવાનું મન થાય કે, 'આ ન શોભે' કેટલાકના અતિ નિષ્કૃષ્ટ વર્તન તથા વાણી જોઇ. સાંભળીને આ જ વાક્ય યાદ આવે. આવું કહેનાર કોઇ પ્રબળ - પુરૂષની આજે તાતી જરૂર છે. અણછાજતું વર્તન, કરનાર, અપ્રમાણિક - ધંધા કરનાર, ભ્રષ્ટાચાર દ્વારા ખીસ્સા ભરનાર, ને કૌભાંડો આચરનારને માટે આ સ્પષ્ટ ઇશારો છે. પણ અત્યારે કોણ કોને કહે. અહીં તો 'આવો ભાઇ હરખા તો આપણે બે સરખા' ની હોડ જામી. એક લોકકથા યાદ આવી. 'એક ભાઇનું લગ્ન ભાંગી પડવું. પછી પોતે કુંવારા છે તેવું જણાવી બીજા લગ્ન કર્યાં. થોડા સમય પછી મનમાં થયું કે પત્નીને સાચી વાત જણાવવી જોઇએ. એટલે કહે 'મને માફ કરજે. આ મારૂં બીજું લગ્ન છે. મેં તને છેતરી છે. ' તો પત્ની કહે, 'તેમા શું... તમારૂં બીજું છે પણ મારૂં તો આ ત્રીજું લગ્ન છે.' આમા કોન કોને કહે, હા - કદાંચ મહાત્માજી, સરદાર કે જયપ્રકાશ જેવા નેતા કહી શકે. આજે તો રાજકીય ક્ષેત્રે પ્રમાણિક નેતાની ભારે ખોટ છે. અને કદાચ કોઇ નીકળે તે કહે પણ ખરા. તો સાંભળનારા જરા પણ ન શરમાય. એ યુગ પુરો થયો. થોડા સમયમાં પછી કૌભાંડ કરી જેલમાં જવું તે આબરૂ વધારવાનું એક મહત્ત્વનું કારણ બનશે. બસ્સો પાંચસો કરોડના કૌભાંડને લોકો ચણા-મમરા જેવા ગણતા થઇ જશે.

શ્લોકનું ત્રીજું ચરણ છે. 'શુદ્ર હૃદયં દૌર્બલ્યમ્ ત્યક્ત્વા' માનસિક દુર્બળતા છોડી દઇને, યુવાનો તમે આગળ આવો. મન મજબૂત કરી સમાજમાં વ્યાપક દુર્દશા તરફ નજર નાખો. સામૂહિક બળાત્કારો, બાળકોનાં અપહરણો, રાજકીય અને પક્ષિય ગુંડાગીરી, સામે કોણ પ્રકોપ જગાવે? રખડું મન, વિકૃત બુધ્ધિ, અર્ધ જાગૃત ચિત્ત ને સૌથી વધારે તો અહંકાર - સમાજ વ્યવસ્થઆના પાયા કોરી રહ્યાં છે. એક સદી પહેલાં સમાજ સુધારા માટે કવિ નર્મદે આહ્લેક જગાવી હતી. આજે તો આપણે એ સમય કરતાં વધારે વહેમો તથા અંધશ્રધ્ધામાં અટવાયા છીએ. ફિલ્મોમાં, ટી.વી. સિરીયલોમાં જે ચમત્કારો, અશ્લિલતા જોવા મળે છે. તે હદ, બહારની છે આ દૂષણો સામે જાગૃકતા કેળવવા હૃદયની દુર્બળતા છોડી, બહાર પડવું પડશે. ભ્રષ્ટાચારના ભોરિંગને નાથવા સરકાર ક્યારેય કદમ નહી ઉઠાવે. એ કામ કરવા યુવાનોએ જ આગળ વધવું પડવાનું. સંતો આદેશ આપે ને તે ઝીલનારા જો મળે તો... પણ 'વહ દિન કહાં - જબ મીયાં કે પાંવ મેં જૂતા' સમાજમાં આજે સુખ મેળવવાની દોટ છે. સુખ પ્રાપ્તિ સાધનોની થશે તેમ માની અનેક પ્રકારના સાધકો માટેની લાલસા. તે માટે અનૈતિક માર્ગે ધન મેળવવાની કોશિશો, પોતાની વાતને માર્ગ જ યોગ્ય છે. જેવો દુરાગ્રહ સૌ પોતાનું જ માને. તેમ માન તેવી ભાવના - તર્કના ગેર-ઉપયોગ. આ તમામ સમાજ પરનાં ગુમડાં છે. ને તેને નસ્તર મુક્યા સિવાય ન ચાલે. અને તે કાર્ય હૃદયની દુર્બળતા છોડી કઠણ મને જ કરવું પડે... ભલે તે આપણું કે સ્નેહીનું શરીર હોય... ચોથા ચરણમાં ભગવાન કહે છે. 'અનિષ્ઠ યરન્તયા' યુધ્ધ માટે ઊભો થઇ જા. યુધ્ધ તો આજ આપણે પણ લડવાનું છે. મેદાન પર નહિ, ઘરઆંગણે. જેમ કે, રૂચિ-ભોજનના પ્રસંગે તથા અન્નનો બગાડ અટકાવવા તૈયાર રહેવું. પોતાની ડીશ તદ્દન સાફ કરવી. પાણી પીતાં એક ઘૂંટડો ભરી ભર્યો પ્યાલો ન ઢોળવો. પોતાના જરૂરિયાત પ્રમાણે પાણી લેવું, રસ્તે ચાલતા જયાં ત્યાં ન થૂંકાય. અન્ય તેમ કરે તને અટકાવો. આપણે ત્યાં 'પંચયજ્ઞ' તો છે. પણ સમાજ ઋણ ઉતારવા આ વધારાનો યજ્ઞ પણ હવે આચરણમાં મુકવો જોઇએ. માત્ર તીર્થયાત્રા કે દાન કરવાથી સમાજમાં ઋણમાંથી મુક્ત થવાતું નથી. જયાં જયાં બગાડ દેખાય ત્યાં ત્યાં લાલબત્તી ધરવાનો પુરૂષાર્થ, નાના-મોટા પાયા પર તો યુવાનો કરી શકે. આપણા તમામ શાસ્ત્રોમાં કર્મરત રહેવાની, પ્રમાદ ન કરવાની સલાહ આપવામાં આવી છે.

સમાજમાં કેટલાક એક્ટીવીસ્ટોએ આવું જાગૃતિનું કાર્ય ઉપાડવું છે ને તેઓને દબાવા દેવા પ્રત્યાઘાતી બળો પણ કાર્ય કરતા હોય છે. પરંતુ સત્યનો સાદ સદાય ભારે હોય છે એ નથી દબાતો, નથી ઇર્ષ્યાતો... કોઇ બલિદાન જો યોગ્ય કર્મ માટે થયું હોય તો નિષ્ફળ નથી જતું. સુધારની લડાઇનું મેદાન ખાલી ન પડે તે જોવાનું છે. 'દેવો પણ આળશુને મદદ નથી કરતા' તેવું વેદવાક્ય છે અને જે પોતાના કરતાં પારકા માટ`ત્યાગ કરે છે તે સદાય જીવંત છે. જરૂર છે. આળશ ખંખેરી, જાગૃત થઇ ઊભા થઇ જવાની.... સ્વામી વિવેકાનંદનું સૂત્ર યાદ રાખીએ...

'અનુતિષ્ઠા જાગૃતા પ્રાપ્ય બરાન્ નિબોધત્'